# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/030 Dt. 19/07/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI દ્વારા સુપરસ્ટાર અભિનેતા રાજેશ ખન્ના અંગેનો ‘ક્યોંકિ આનંદ કભી મરતે નહીં’ વિશે સેશન યોજાયું

**જ્યારે તમારી બ્રાન્ડિંગ ઓછી થવાની શરૂઆત થાય, ત્યારે તમને તે બાબતની જાણ થવી જોઈએ, એવા સમયે તમારી પાસે ગત બ્રાન્ડિંગ કરતાં વધુ સારી બ્રાન્ડિંગનો મેનેજમેન્ટ ફંડા હોવો જોઈએ : પત્રકાર અને સ્ટેજ આર્ટિસ્ટ શ્રી નરેશ કાપડિયા**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૧૮ જુલાઈ ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુપરસ્ટાર અભિનેતા રાજેશ ખન્ના અંગેનો ‘ક્યોંકિ આનંદ કભી મરતે નહીં’ વિશે સેશન યોજાયું હતું.

પત્રકાર અને સ્ટેજ આર્ટિસ્ટ શ્રી નરેશ કાપડિયાએ અભિનેતા સ્વ. રાજેશ ખન્ના વિશે જણાવ્યું હતું કે, ‘રાજેશ ખન્નાએ નાટકો થકી પોતાના અભિનયને એક નવો આયામ આપ્યો હતો. ફિલ્મફેયરના પાંચ એવોર્ડ જીતનાર, પદ્મ વિભૂષણ મેળવનાર અને લોકસભાના સાંસદ બનનાર રાજેશ ખન્નાનું જીવન ઘણું

રસપ્રદ છે. રાજેશ ખન્નાને એકસાથે ૧૧ નિર્માતાઓએ ફિલ્મો માટે સાઈન કર્યા હતા. રાજેશ ખન્ના પાસેથી શીખવું જોઈએ કે, જ્યારે તમારી બ્રાન્ડિંગ ઓછી થવાની શરૂઆત થાય, ત્યારે તમને તે બાબતની જાણ થવી જોઈએ. એવા સમયે તમારી પાસે ગત બ્રાન્ડિંગ કરતાં વધુ સારી બ્રાન્ડિંગનો મેનેજમેન્ટ ફંડા હોવો જોઈએ.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, '૧૮ મહિનામાં નોનસ્ટોપ ૧૭ ફિલ્મો રાજેશ ખન્નાની આવી અને તેમાંથી ૧૫ ફિલ્મો સફળ રહી, જેનું શ્રેય રાજેશ ખન્નાને મળ્યું છે. સામાન્યપણે ભારતીય પ્રેક્ષક ખૂબ જ લાગણીશીલ છે. વિશ્વમાં સૌથી વધુ ફિલ્મ બનાવનાર અને સૌથી વધુ ફિલ્મ નિહાળનાર દર્શકો પણ ભારતીય છે. રાજેશ ખન્નાની અભિનય શૈલી, તેમનું પારિવારીક જીવન, રાજકીય જીવન અને અનેક અંગત બાબતો વિશે તેમણે જણાવ્યું હતું.'

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લએ સેશનમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. સેશનની રૂપરેખા ગ્રૃપ ચેરમેન શ્રી ધર્મેશ વાણીયાવાલાએ આપી હતી. સમગ્ર સેશનનું સંચાલન પબ્લિક રિલેશન કમિટીના એડવાઈઝર સુશ્રી ગીતા શ્રોફ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે કમિટીના કો-ચેરમેન શ્રી તનય મહેતાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.